દર્દીના પરિવારજનોના રોષ બાદ જ કેમ જાગે છે ઘોર નિંદ્રામાં સૂતેલું હોસ્પિટલ તંત્ર ?

SSGના ICUમાં AC ગુલ, ભારે હાલાકી વચ્ચે નર્સે કહ્યું, ઘરેથી પંખા લઈ આવો

હાલ સયાજી હોસ્પિટલના ICU માં 20 થી વધુ દર્દીઓ સારવાર લઈ રહ્યાં છે

(પ્રતિનિધિ), વડોદરા. તા.10
સયાજી હોસ્પિટલ ફરી એકવાર તેની ગંભીર બેદરકારી અને વહીવટી નિષ્કાળજીને કારણે વિવાદોના વમળમાં ફસાઈ છે. હોસ્પિટલના અતિ સંવેદનશીલ ગણાતા આઈસીયુ અને એમઆઈસીયુ વોર્ડમાં સેન્ટ્રલ એસી અચાનક બંધ થઈ જતાં ગંભીર હાલતમાં સારવાર લઈ રહેલા દર્દીઓની સ્થિતિ અત્યંત કફોડી બની ગઈ છે. અસહ્ય ગરમી અને બફારા વચ્ચે જિંદગી અને મરણ વચ્ચે જોલા ખાતા દર્દીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે સંવેદનહીનતાની તમામ હદો વટાવતા ફરજ પરની નર્સે દર્દીના સગાંઓને એવું કહી દીધું કે, અહીં એસી બંધ છે, જો ગરમી લાગતી હોય તો ઘરેથી પંખા લઈને આવો ! સરકારી હોસ્પિટલમાં મોટો દાવો કરતી સરકાર અને વહીવટી તંત્રની પોલ આ એક જ વાક્ય પરથી ખુલ્લી પડી ગઈ છે. આ સમગ્ર મામલે ભારે હોબાળો મચ્યા બાદ હોસ્પિટલના RMO ડૉ. હિતેન્દ્ર ચૌહાણે સત્તાવાર બચાવ કરતાં જણાવ્યું હતું કે, અમે પીઆઈયુ ઈલેક્ટ્રિક વિભાગને આ અંગે જાણ કરી દીધી છે. એસી વહેલી તકે ચાલુ થાય તે માટે અમારા સ્તરેથી પૂરતા પ્રયાસો ચાલુ છે. આ ઉપરાંત દર્દીઓની સુવિધા માટે વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જે કંઈ થઈ શકે તે માટે પણ અમે સતત પ્રયત્નશીલ છીએ. RMO ભલે ગમે તેટલા બચાવના દાવા કરે, પરંતુ એક વાત અરીસા જેવી સાફ છે કે હોસ્પિટલ તંત્રની આવી આડોડાઈ, અજાણતા અને બેદરકારી વારંવાર સામે આવતી રહે છે. જ્યારે કોઈ મોટી દુર્ઘટના બને ત્યાર બાદ જ કેમ તંત્ર એક્શન મોડમાં આવે છે ? શું ICU જેવા અતિ મહત્વના વિભાગની મેન્ટેનન્સ કામગીરી અગાઉથી ચેક કરવાની તંત્રની કોઈ નૈતિક જવાબદારી નથી ? દર્દીઓના જીવ સાથે રમત રમતા આવા જવાબદારો સામે કડક પગલાં ક્યારે લેવાશે ? તે એક મોટો સવાલ છે.

વડોદરામાં CGCTC દ્વારા GSTAT અપીલ પ્રક્રિયા અંગે સ્ટડી સર્કલ બેઠક યોજાઈ

વડોદરા : બીજી સ્ટડી સર્કલ બેઠક તા. 9 જૂન, 2026ના રોજ વડોદરાની હોટેલ ગ્રાન્ડ મર્ક્યુર, સૂર્યા પેલેસ, સયાજીગંજ ખાતે સફળતાપૂર્વક યોજાઈ હતી. આ કાર્યક્રમમાં 100થી વધુ સભ્યોએ ઉત્સાહભેર હાજરી આપી હતી. કાર્યક્રમમાં GST નિષ્ણાત એડવોકેટ (સી.એ.) અજય શાહે "GSTAT Decoded - Part I : The Art of Filing" વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. GST અપીલ ટ્રિબ્યુનલ (GSTAT) કાર્યરત બન્યા બાદ તથા GSTAT (Procedure) Rules, 2025 અમલમાં આવ્યા હોવાથી આ વિષય ટેક્સ પ્રોફેશનલ્સ માટે અત્યંત મહત્વનો અને સમયોચિત રહ્યો હતો. તેમણે લગભગ દોઢ કલાક સુધી GSTAT સમક્ષ અપીલ દાખલ કરવાની પ્રક્રિયા, જરૂરી ફોર્મ્સ, કોર્ટ ફી, પ્રી-ડિપોઝિટની જોગવાઈઓ, ડિફેક્ટ નોટિસની પ્રક્રિયા તેમજ જરૂરી દસ્તાવેજો અને ફાઈલિંગની વિવિધ તકનીકી બાબતો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

વડોદરા મહાનગરપાલિકાનો મોટો નિર્ણય

શુક્રવારે મળનારી બેઠકમાં કરોડોના વિકાસ કામો પર વાગશે આખરી મહોર

રોડ પ્રોજેક્ટ, સુવેઝ પંપીંગ સ્ટેશનોની જાળવણી અને આજવા ડેમના પ્રોજેક્ટ સહિતના વિવિધ લોકઉપયોગી કાર્યોને મંજુરી આપવા સ્થાયી સમિતિ સજ્જ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આગામી બેઠક શુક્રવારે સાંજે યોજાશે. મ્યુનિસિપલ સેક્રેટરી તરફથી જારી કરાયેલા એજન્ડા અનુસાર આ બેઠકમાં શહેરના વિવિધ ઝોનના કરોડો રૂપિયાના ખર્ચના વિકાસ કાર્યો, નવી ખરીદી અને ઓપરેશન-મેઈન્ટેનન્સના મહત્વના નિર્ણયો લેવામાં આવશે. સમિતિ સમક્ષ રજૂ કરાયેલા દરખાસ્તો મુજબ, પાર્ક્સ એન્ડ ગાર્ડન શાખા અંતર્ગત પશ્ચિમ ઝોનમાં વૃક્ષોના ટ્રીમીંગ અને ડિવાઈડર નિભાવણી માટે ચાલુ ઈજારદારની નાણાકીય મર્યાદામાં પચાસ લાખનો વધારો કરવાની મંજુરી મગાશે. આ સિવાય પશ્ચિમ ઝોનમાં જર્જરીત લાઈન બદલવા બદલ થયેલા એકત્રીસ લાખથી વધુના ખર્ચને જાણમાં લેવામાં આવશે. જ્યારે પાણી પુરવઠા પ્રોજેક્ટ શાખા હેઠળ આજવા ડેમના જીઓ ફિઝીકલ ઈન્વેસ્ટીગેશન માટે થયેલા એક કરોડ સુડતાલીસ લાખથી વધુના ખર્ચને મંજુરી માટે રજૂ કરાશે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા જૂન માસમાં વિવિધ તારીખોએ યોજાનારી જન કલ્યાણ શિબિર માટે જરૂરી વ્યવસ્થાઓ અને તેના ખર્ચ તેમજ ખરીદી માટે મ્યુનિસિપલ કમિશનરને સત્તા સોંપવાની ભલામણ પણ કરાઈ છે. આ ઉપરાંત શહેરી સ્વચ્છતા માટે સેન્ટ્રલ સ્ટોર દ્વારા ત્યાસી લાખ પચીસ હજારના ખર્ચે ચૂનાની ફાંકની ખરીદી મંજૂર કરવામાં આવશે. ટુરીસ્ટ શાખા હેઠળ ઓક્ટોબર માસમાં યોજાનાર એક સાંસ્કૃતિક કાર્યક્રમ માટે બ્રહ્માકુમારી સંસ્થાને ભાડા મુક્તિ સાથે નગરગૃહ ફાળવવાની દરખાસ્ત જોવાશે. સુવેઝ શાખા દ્વારા જાંબુઆ, બહુચરાજી, ન્યુ લાલબાગ અને માણેકપાર્ક ખાતે આવેલા સુવેઝ પંપીંગ સ્ટેશનોના ત્રણ વર્ષના ઓપરેશન અને મેઈન્ટેનન્સ માટે સૌથી નીચા ભાવ ભરનાર વિવિધ એજન્સીઓના આશરે એક કરોડ એકત્રીસ લાખથી વધુના ટેન્ડરોને બહાલી અપાશે.

યાકુતપુરામાં કોન્ટ્રાક્ટરની લાપરવાહીથી લોકોના જીવ જોખમમાં

વોર્ડ નં. ૬ ના પાણી પુરવઠાના કોન્ટ્રાક્ટરનો પરવાનો રદ કરવા માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.10
વડોદરા શહેરના યાકુતપુરા, કાનુગાના ખાંચા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી સ્થાનિક રહીશો ગંદા પાણી, ઓછા પ્રેશરથી મળતા પાણી અને અપૂરતા પાણી પુરવઠાની ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. આ અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. વડોદરા મહાનગરપાલિકાની પાણી પુરવઠા શાખા દ્વારા આશરે એક વર્ષ પહેલાં વર્ષ ૨૦૨૫ માં વર્ક ઓર્ડર પાસ કરવામાં આવ્યો હોવા છતાં, આજદિન સુધી કામગીરી અધૂરી રાખવામાં આવી છે. આ ગંભીર જનસમસ્યા અંગે 'વડોદરા RTI વિકાસ મંચ' ના સામાજિક કાર્યકર અને ઉપપ્રમુખ મોન્ટુ મલેક દ્વારા મ્યુનિસિપલ કમિશનરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. પાંચ દિવસ અગાઉ કાનુગાના ખાંચામાં પાણીની લાઈન નાખવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા અત્યંત બિનજવાબદાર અને ધીમી ગતિએ કામ કરીને રસ્તાની વચ્ચે, સ્થાનિકોના ઘરના દરવાજા અને દુકાનો પાસે મોટા અને ઊંડા ખાડાઓ ખોદીને એમ જ છોડી દેવામાં આવ્યા છે.

આ બેદરકારીના કારણે, સવારે શાળાએ જતા નાના બાળકો, મસ્જિદે જતા નમાઝીઓ, અને સ્થાનિક સીનીયર સીટીઝનો આ ખુલ્લા ખાડામાં પડી જવાનો, શારીરિક ઈજા થવાનો કે જીવ ગુમાવવાનો મોટો ભય ઊભો થયો છે. જ્યારે આ બાબતે વોર્ડ નં. ૬ ના જવાબદાર પાણી પુરવઠાના અધિકારીઓનો સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેઓએ અમે કોન્ટ્રાક્ટરને કામ આપી દીધું છે, હવે એ જાણે અને તેનું કામ જાણે તેવો અત્યંત ઉદ્ધત અને બિનજવાબદાર જવાબ આપ્યો હતો. એટલું જ નહીં, સ્થાનિકોનો આક્ષેપ છે કે કોન્ટ્રાક્ટરના માણસો ખુલ્લેઆમ કહી રહ્યા છે કે, સાહેબને વધારાના રૂપિયા આપો તો જ તમારું કામ ઝડપથી થશે. આમ, તંત્રની મીલીભગત અને ભ્રષ્ટાચારના કારણે સ્થાનિક જનતા હેરાન પરેશાન થઈ રહી છે. વડોદરા RTI વિકાસ મંચ દ્વારા તંત્ર સમક્ષ તાકીદે નીચે મુજબના પગલાં લેવા માંગ કરવામાં આવી છે.

એમએસયુના સમાજશાસ્ત્ર વિભાગની અનોખી પહેલ

વિવિધ ધર્મના વિદ્યાર્થીઓએ સાથે કર્યા ૐ અને ગાયત્રી મંત્રના જાપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.10
એમ.એસ. યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે 6 અઠવાડિયાના વિશેષ ઈન્ટર્નશિપ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝડપથી બદલાતી દુનિયામાં વિદ્યાર્થીઓ શૈક્ષણિક, વ્યક્તિગત અને વ્યાવસાયિક પડકારોનો સામનો કરી શકે તે માટે જરૂરી જીવન કૌશલ્યો પૂરા પાડવાનો આ પ્રોગ્રામનો મુખ્ય હેતુ છે. આ ઈન્ટર્નશિપ દરમિયાન એક અનોખું દ્રશ્ય જોવા મળ્યું હતું. વિવિધ ધર્મના વિદ્યાર્થીઓએ એકસાથે જોડાઈને ૐ અને ગાયત્રી મંત્ર'ની પવિત્રતાનો અનુભવ કર્યો હતો. ધર્મ, જાતિ કે સંપ્રદાયના ભેદભાવ વિના તમામ વિદ્યાર્થીઓએ ભાવપૂર્વક મંત્રોચ્ચાર કર્યા હતા. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓના વ્યક્તિગત વિકાસ, ભાવનાત્મક સુખાકારી અને વ્યાવસાયિક પ્રગતિને એકીકૃત કરતો સર્વાંગી શિક્ષણ અનુભવ પૂરો પાડે છે. ઈન્ટર્નશિપમાં માત્ર પુસ્તકિયા જ્ઞાન નહીં પરંતુ જીવન જીવવાની કળા, માનસિક શાંતિ અને સાંસ્કૃતિક સમરસતા જેવા વિષયો પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. સમાજશાસ્ત્ર વિભાગની નવી પહેલને વિદ્યાર્થીઓ અને વાલીઓ તરફથી આવકાર મળ્યો છે. આ પ્રકારના પ્રયોગથી વિદ્યાર્થીઓમાં સહિષ્ણુતા, એકતા અને સકારાત્મક ઉર્જાનો સંચાર થાય છે.

ગુજરાતમિત્ર ઈમ્પેક્ટ, અહેવાલ રંગ લાવ્યો

વડોદરાની સયાજી હોસ્પિટલની બંધ લિફ્ટ આખરે શરૂ કરવામાં આવી

૫ દિવસથી હાલાકી ભોગવતા ડાયાલિસિસના દર્દીઓને મોટી રાહત, તંત્ર દોડતું થયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.10
વડોદરા શહેરની મધ્યમાં આવેલી સરકારી સયાજી હોસ્પિટલની અંધેર વહીવટી નીતિ સામે 'ગુજરાતમિત્ર' દ્વારા ઉઠાવવામાં આવેલો અવાજ આખરે રંગ લાવ્યો છે. છેલ્લા ૫ દિવસથી હોસ્પિટલની મહત્વની લિફ્ટ બંધ હોવાના કારણે દર્દીઓએ ભોગવવી પડતી હાલાકીનો અહેવાલ પ્રસિદ્ધ થતાં જ હોસ્પિટલ તંત્ર તાબડતોબ હરકતમાં આવ્યું હતું. આજે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને બંધ લિફ્ટને રિપેર કરી પુનઃ કાર્યરત કરવામાં આવી છે, જેને પગલે દર્દીઓ અને તેમના પરિવારજનોએ મોટી રાહત અનુભવી છે. રાજ્યભરમાંથી ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા હોય છે. પરંતુ છેલ્લા પાંચ દિવસથી લિફ્ટ ટેકનિકલ ખામીના કારણે બંધ હાલતમાં ધૂળ ખાતી પડી હતી. સૌથી વધુ કફોડી સ્થિતિ ડાયાલિસિસ કરાવવા આવતા ગંભીર દર્દીઓની થઈ હતી. લિફ્ટ બંધ હોવાને કારણે આ દર્દીઓને નાછૂટકે ગોત્રી GMERS હોસ્પિટલ ખાતે ધક્કા ખાવા પડી રહ્યા હતા. શારીરિક રીતે અત્યંત નબળા એવા ડાયાલિસિસના દર્દીઓને એક હોસ્પિટલથી બીજી હોસ્પિટલ શિફ્ટ કરવાના કારણે દર્દીઓ સહિત તેમના સગાં-સંબંધીઓને ભારે આર્થિક અને માનસિક મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. 'ગુજરાતમિત્ર'એ જનતાની આ પીડાને વાચા આપતો સચોટ અહેવાલ સત્તાધીશોની આંખ ઉઘાડવા માટે પ્રસિદ્ધ કર્યો હતો. અહેવાલ છપાતા જ જાગેલા તંત્રએ આજે સવારથી જ એન્જિનિયરોની ટીમ લગાડી લિફ્ટ શરૂ કરી દીધી છે.

વડોદરા ટ્રાફિક બ્રિગેડના નવનિયુક્ત માનદ સેવકો જોગ

જવાનોને અગ્નિ સુરક્ષા અને આપત્તિ વ્યવસ્થાપનની વિશેષ તાલીમ અપાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.10
વડોદરા શહેર પોલીસ અને વડોદરા ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે નવા પસંદગી પામેલા આશરે ૯૦ જેટલા માનદ સેવકો માટે એક વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના કલા ભવન સ્થિત કેમિકલ એન્જિનિયરિંગ વિભાગ ખાતે આ તાલીમ તા. ૦૧-૦૬-૨૦૨૬ થી ૧૫-૦૬-૨૦૨૬ દરમિયાન ચાલશે. જે અંતર્ગત આજે તા. ૧૦-૦૬-૨૦૨૬ના રોજ વડોદરા અગ્નિશમન અને તાત્કાલિક સેવાઓ ફાયર બ્રિગેડ દ્વારા તાલીમાર્થીઓને અગ્નિ સુરક્ષા, જીવનરક્ષા અને આપત્તિ પ્રતિસાદ અંગે વ્યવહારુ તથા માહિતીસભર તાલીમ આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન અગ્નિશમન વિભાગના નિષ્ણાત અધિકારીઓ દ્વારા પ્રાથમિક તબક્કે આગ બુઝાવવાની યોગ્ય પ્રક્રિયા, વિવિધ પ્રકારના અગ્નિશામક સાધનોનો અસરકારક ઉપયોગ અને આગની ઘટનામાં ગભરાટ વિના ત્વરિત તથા સલામત પ્રતિસાદ આપવાની પદ્ધતિ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, માર્ગ અકસ્માતો અને તાત્કાલિક પરિસ્થિતિઓ દરમિયાન એમ્બ્યુલન્સ તથા ફાયર બ્રિગેડ જેવા ઈમરજન્સી વાહનોને ટ્રાફિકમાં પ્રાથમિકતા આપવા અંગેની નાગરિક ફરજ અને ટ્રાફિક વ્યવસ્થાપનની જવાબદારી અંગે પણ તાલીમાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

આધુનિક પરિવહન વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને ઈલેક્ટ્રિક વાહનો, CNG વાહનો તથા બેટરી સંચાલિત વાહનોમાં આગ લાગવાની સંભાવનાઓ, તેના નિવારણના ઉપાયો, આગની ઘટનામાં અપનાવવાની તકેદારી તથા જીવન સુરક્ષા સંબંધિત અગત્યની બાબતો અંગે જીવંત પ્રદર્શન દ્વારા વ્યવહારુ તાલીમ આપવામાં આવી હતી. તાલીમાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લઈ મૂલ્યવાન જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આવા તાલીમ કાર્યક્રમો દ્વારા સમાજમાં જવાબદાર, જાગૃત અને સંવેદનશીલ નાગરિકોની રચના થાય છે.

૨૦૦૦ ચોરસ ફૂટ વિસ્તાર ધરાવતો હોલ 10થી વધુ ગામોના લોકો માટે બનશે ઉપયોગી

દામાપુરામાં CSR અંતર્ગત નિર્મિત કોમ્યુનિટી હોલનું લોકાર્પણ થયું

ગ્રામ વિકાસ, સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓને મળશે નવી દિશા

(પ્રતિનિધિ) વડોદરા, તા.10
વાઘોડિયા તાલુકાના દામાપુરા ગામ ખાતે ફાર્મસન ફાર્માસ્યુટિકલ ગુજરાત પ્રા. લિ. દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) અંતર્ગત નિર્મિત "ફાર્મસન કોમ્યુનિટી હોલ"નું લોકાર્પણ સમારોહ ઉત્સાહભેર યોજાયો હતો. ગામની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલ આ હોલ સામાજિક, શૈક્ષણિક અને વિકાસલક્ષી પ્રવૃત્તિઓ માટે મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે કાર્ય કરશે. આધુનિક સુવિધાઓથી સજ્જ 2,000 ચોરસ ફૂટ વિસ્તારમાં નિર્મિત આ કોમ્યુનિટી હોલનો લાભ માત્ર દામાપુરા ગામ પૂરતો મર્યાદિત નહીં રહે, પરંતુ આસપાસના 10થી 15 ગામોના નાગરિકોને પણ મળશે. ખાસ વાત એ છે કે સમગ્ર પ્રોજેક્ટ માત્ર ત્રણ મહિનાના સમયગાળામાં પૂર્ણ કરવામાં આવ્યો છે. હોલનું લોકાર્પણ વાઘોડિયા વિધાનસભાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા (બાપુ) અને ફાર્મસન ગ્રુપના ડિરેક્ટર તથા સીઓઓ સુદેશ મિશ્રાના હસ્તે કરવામાં આવ્યું હતું. પ્રસંગે ફ્લિકરમ કેપિટલાઇઝિંગ CSRના કો-સીઈઓ પાર્થેશ વ્યાસ, NIAના ચેરમેન બાબુભાઈ પટેલ, જિલ્લા પંચાયત સભ્ય કૈરવીબા વાઘેલા, દામાપુરા ગ્રામ પંચાયતના સરપંચ હીનાબેન પઢીયાર સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે આવા માળખાકીય વિકાસ પ્રોજેક્ટો ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેમણે હોલને ગામની જરૂરિયાતોને અનુરૂપ ઉત્તમ સુવિધા ગણાવી હતી. ફાર્મસન ગ્રુપના ડિરેક્ટર સુદેશ મિશ્રાએ જણાવ્યું હતું કે હોલનું નિર્માણ ગામજનોની સૂચનાઓ અને જરૂરિયાતોને કેન્દ્રમાં રાખીને કરવામાં આવ્યું છે. હોલની વિશેષતા એ છે કે તેમાં કોઈ મધ્યસ્થ થાંભલો નથી, જેના કારણે વિવિધ કાર્યક્રમો સરળતાથી યોજી શકાશે. સાથે જ પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપવા હોલની આસપાસ હરિયાળી અને વૃક્ષારોપણ પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

"સંગાથ" શિબિરથી ગ્રામજનોને સરકારી યોજનાઓનો સીધો લાભ

(પ્રતિનિધિ) વડોદરા, તા.10
ગ્રામ્ય વિસ્તારના પાત્ર લાભાર્થીઓ સુધી સરકારી યોજનાઓનો લાભ સરળતાથી પહોંચે તે હેતુથી ફિક્કી ફ્લો વડોદરા અને દીપક ફાઉન્ડેશનના સહયોગથી "સંગાથ" પ્રોજેક્ટ અંતર્ગત કોસીન્દ્રા ગામે ત્રણ દિવસીય જનજાગૃતિ અને સહાય શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. 10થી 12 જૂન દરમિયાન યોજાનારી આ શિબિરમાં ગ્રામજનોને વિવિધ સરકારી યોજનાઓ, જરૂરી દસ્તાવેજીકરણ અને નોંધણી પ્રક્રિયા અંગે માર્ગદર્શન તથા સહાય પૂરી પાડવામાં આવી રહી છે. ઉપરાંત વિધવા સહાય, વૃદ્ધ અને દિવ્યાંગ પેન્શન, માનવ કલ્યાણ યોજના, જનધન યોજના, ઉજ્જવલા યોજના, વહાલી દીકરી યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, આયુષ્માન કાર્ડ, કિસાન સન્માન નિધિ, કિસાન ક્રેડિટ કાર્ડ અને મનરેગા જેવી વિવિધ યોજનાઓ અંગે માહિતી અને સ્થળ પર જ નોંધણીની સુવિધા આપવામાં આવી રહી છે.

વડોદરા મેરેથોનની SDG ક્લબ પહેલ:

1 લાખ વિદ્યાર્થીઓને 'સસ્ટેનેબિલિટી એમ્બેસેડર' બનાવવાનો સંકલ્પ

(પ્રતિનિધિ) વડોદરા, તા.10
વડોદરા મેરેથોન દ્વારા શરૂ કરાયેલ Sustainable Development Goals (SDG) આધારિત ટકાઉપણું અને પર્યાવરણ જાગૃતિ અભિયાન હવે શહેરવ્યાપી જનઆંદોલનનું સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. નવેમ્બર 2024માં શરૂ થયેલી આ પહેલ અંતર્ગત વડોદરાની 30થી વધુ શાળાઓમાં SDG ક્લબની સ્થાપના કરવામાં આવી છે, જેના માધ્યમથી 1 લાખ વિદ્યાર્થીઓ સુધી પહોંચવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. વડોદરા મેરેથોનના ચેરપર્સન તેજલ અમીને જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને માત્ર પર્યાવરણ વિશે જાગૃત કરવાના બદલે તેમને "સસ્ટેનેબિલિટી એમ્બેસેડર" તરીકે તૈયાર કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં 1.5 ટનથી વધુ પ્લાસ્ટિક કચરો એકત્રિત કરી રિસાયક્લિંગ માટે મોકલવામાં આવ્યો છે તેમજ વિવિધ શાળાઓમાં વેસ્ટ સેગ્રેગેશન ઝોન પણ ઉભા કરવામાં આવ્યા છે. "Wrinkles Ache Hain" ઊર્જા બચત અભિયાન, "Planet Posters", "Mango Seed Saver", "Mindful Travel", પ્લાસ્ટિક મુક્તિ અભિયાન અને ઈ-વેસ્ટ સંગ્રહ જેવી અનેક સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જવાબદારીની ભાવના વિકસાવવામાં આવી રહી છે. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે આયોજિત "Confluence for Change" કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પર્યાવરણપ્રેમીઓએ હરિયાળા વડોદરાના નિર્માણ માટે સંકલ્પ લીધો હતો. આ પહેલનું વધુ એક અનોખું ઉદાહરણ "પુરાને પન્ને, નવા રંગ" અભિયાન છે, જેમાં વિદ્યાર્થીઓએ જૂની નોટબુકમાંથી ખાલી પાનાં એકત્રિત કરીને 400થી વધુ નવી નોટબુક તૈયાર કરી જરૂરિયાતમંદ બાળકોને ભેટ આપી હતી.

ગોત્રી તળાવમાં 'વીડ-કટર મશીન'થી સફાઈ કરાઈ, દિવાળીપુરા રોડની કેચપીટોમાંથી ૧૧ ઘન મીટર કચરો બહાર કઢાયો

ચોમાસા પૂર્વે વડોદરા કોર્પોરેશનની તૈયારીઓ, તળાવો અને વરસાદી કેચપીટોની સફાઈ શરૂ

હાલમાં ગોત્રી તળાવ ખાતે 'વીડ-કટર મશીન' દ્વારા ખાસ સફાઈ કામગીરી પ્રગતિ હેઠળ છે

સફાઈ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
આગામી ચોમાસાની તૈયારીઓના ભાગરૂપે વડોદરા મહાનગરપાલિકા દ્વારા પ્રિ-મોનસૂન એક્ટીવીટી અંતર્ગત શહેરમાં સઘન સાફ-સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ખાસ કરીને પશ્ચિમ ઝોન અને વોર્ડ નંબર ૧૧ના વિસ્તારોમાં પાલિકાના તંત્ર દ્વારા પાણીના નિકાલ અને જળ સ્ત્રોતોની સફાઈ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

પશ્ચિમ ઝોનના વહીવટી વોર્ડ નંબર ૧૦માં આવેલા તાંદલજા, વાસણા, ગોત્રી અને ભાયલી તળાવોમાં તંત્ર દ્વારા સમયાંતરે સાફ-સફાઈ કરવામાં આવી રહી છે. આ કામગીરી દરમિયાન તળાવોમાંથી પ્લાસ્ટિકની ખાલી થેલીઓ, જળકુંભી, પૂજાપો તેમજ કિનારે ઉગી નીકળેલા વેલા અને નાના છોડવાઓ દૂર કરવામાં આવ્યા છે. હાલમાં ગોત્રી તળાવ ખાતે 'વીડ-કટર મશીન' દ્વારા ખાસ સફાઈ કામગીરી પ્રગતિ હેઠળ છે.

તળાવોની આ પ્રકારે સફાઈ થવાથી ચોમાસા દરમિયાન મચ્છરોનો ઉપદ્રવ અટકાવી શકાશે અને આસપાસના રહેણાંક વિસ્તારોમાં રોગચાળો ફેલાતો રોકી શકાશે. ૧૫ વરસાદી કેચપીટોમાંથી ૧૧ ઘન મીટર કચરો કઢાયો બીજી તરફ, વહીવટી વોર્ડ નંબર ૧૧ના હદ વિસ્તારમાં આવેલા મુખ્ય માર્ગ એવા દિવાળીપુરા મેઈન રોડ પર પણ પ્રિ-મોનસૂન કામગીરી હાથ ધરાઈ છે. વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે આ રોડ પર આવેલી ૧૫ નંગ વરસાદી કેચપીટોની લાઈન દોરી સાફ કરવામાં આવી છે. આ કેચપીટોની સફાઈ દરમિયાન તંત્ર દ્વારા અંદાજે ૧૧ ઘન મીટર જેટલો કચરો અને કાદવ બહાર કાઢવામાં આવ્યો છે, જેથી ચોમાસામાં રોડ પર પાણી ભરાવાની સમસ્યા નિવારી શકાય.

પ્રગતિપથ યાત્રા અંતર્ગત ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયની મુલાકાત સંપન્ન

વડોદરા : રાજ્ય સરકાર દ્વારા આયોજિત 'પ્રગતિપથ યાત્રા' અંતર્ગત આજે વડોદરા સ્થિત ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયની વિશેષ મુલાકાત કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થઈ હતી. આ કાર્યક્રમમાં ખાસ કરીને વડોદરાના મેયર ગીતબેન મકવાણા, ડેપ્યુટી મેયર આદિત્ય પટેલ તથા સ્વેતાબેન માછી સહિત વિદ્યાર્થીઓ, પ્રતિષ્ઠિત નાગરિકો તથા સમાજના વિવિધ વર્ગોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમ અંતર્ગત યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર ડૉ. મનોજ ચૌધરી દ્વારા સહભાગીઓને ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયની વિશેષતા અંગે પ્રેઝનટેશનના માધ્યમથી માહિતગાર કરવામાં આવ્યા હતા.

Dakshin Gujarat Vij Company Limited
CIN U40102GJ2003SGC042909
Regd. & Corp. Office : 'Urja Sadan',
N. V. Road, Kapodara Char Rasta, Surat 395 006 GUJARAT
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)
DGVCL

Tender Notice

Tenders are invited for "Providing canteen services at DGVCL Corporate Office, VIP Guest House, Tapi colony and Food catering services for Trainees of GEKC, DGVCL, Surat for Two years 2025-26". Tender is put up on https://tender.nprocure.com (For view, download and online submission) and www.dgvcl.com (For view & download only).

Sr. No.	Tender No.	Estimated Cost
1	DGVCL/Corp./Civil/canteen 2026-27/ 305R	Rs.77,49,000.00 (Excl. GST)

Note: Bidders may visit the above website/s for regular updates till opening of the tender. ACE (P), DGVCL, Surat.

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
ટેન્ડર નોટીસ

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

અ.નં.	પી.આર.ઓ. નંબર	વિભાગનું નામ	કામની સંખ્યા	અંદાજિત રકમ
૧	૧૫૦/૨૬-૨૭	પાર્કસ એન્ડ ગાર્ડન	૦૨	૪,૫૩,૬૪૬/-
૨	૧૫૩/૨૬-૨૭	સેન્ટ્રલ સ્ટોર	૦૫	૨,૬૪,૯૬૦/-
૩	૧૫૪/૨૬-૨૭	આરોગ્ય વિભાગ	૦૧	૧,૫૦,૦૦,૦૦૦/-
૪	૧૫૫/૨૬-૨૭	ઇલે.મિકે.સુવેજ	૦૧	૧૦,૦૦,૦૦૦/-
૫	૧૫૬/૨૬-૨૭	ઇલે.મિકે.સુવેજ	03	૧૧,૫૨,૯૮૯/-
૬	૧૫૭/૨૬-૨૭	પાણી પુરવઠા શાખા	૦૧	૫૪,૨૮૦/-
૭	૧૫૮/૨૬-૨૭	પાણી પુરવઠા શાખા	૦૧	૪,૫૫,૦૩૨/-
૮	૧૫૯/૨૬-૨૭	પાણી પુરવઠા શાખા	૦૧	૪૫,૦૦૦/-
૯	૧૬૦/૨૬-૨૭	પશ્ચિમ ઝોન	03	૬,૬૯,૯૬૦/-
૧૦	૧૬૧/૨૬-૨૭	બ્રિજ પ્રોજેક્ટ	૦૧	૧,૨૬,૪૦૭/-
૧૧	૧૬૨/૨૬-૨૭	પશ્ચિમ ઝોન	03	૮,૯૭,૪૧૧/-

નોંધ: અ.નં. ૩ અને ૪ ની જાહેરાત ઇ-ટેન્ડરીંગની છે.

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૧૬૩/૨૦૨૬-૨૭ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત